# <u>૨૦૧૪–૧૫</u>

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૯<br>૨૦૧૩–૧૪ | અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ, આઈ.ડી.નં.૨૩૫૩,તા.૧૧/૦૩/૧૪ ની અપીલ અરજી. નં.SMC/FAP/BRIDGE CELL/09/2013-14, તા.૧૧/૦૩/૧૪ થી (૧) ઉધના વિસ્તારના ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા)ના ફાઈનલ પ્લોટ નં.૧૫૦ સ્થિત ખાડીપુરાણ તાત્કાલિક અટકાવી પુરાણ કરનાર તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવા તથા (૨) આ જ રજુઆતો સંદર્ભમાં સરકારના અન્ય વિભાગોમાં તબદીલ થઈ મળેલ હોય તો તે અંગેની વિગતવાર માહિતી.......(૩) આ ખાડી પુરાણ અટકાવવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીના નામ અને હોદ્દો વિગેરે....... ની માહિતી માંગવામાં આવેલ હતી. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧<br>તા.૨૧/૪/૧૪ |
| ૧<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી હેમંત એન.દેસાઈ, આઈ.ડી.નં.૨૩૦૪, તા.૩૧/૦૧/૧૪ ની અપીલ અરજી નં.SMC/FAP/ BRIDGE CELL/ 01/2014-15, તા.૦૩/૦૫/૧૪ થી " રીંગરોડ પર આવેલ બ્રીજ (પુલ)જે રંગરોગાન કરવા તેમજ ચોમાસાના પાણીના યોગ્ય નિકાલ માટે નવી પાઈપો નાંખવા બાબતે સુચન કરેલ." | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૨<br>તા.૩૧/૫/૧૪ |

## **૨૦૧૪–૧૫**

## **હુકમ નં.૧**

**અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ, આઈ.ડી.નં.૨૩૫૩,તા.૧૧/૦૩/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નંબર :**– SMC/FAP/BRIDGE CELL/09/2013-14, **અપીલની તારીખ :**– તા.૧૧/૦૩/૧૪

**અપીલની તારીખ :**–તા.૧૧/૦૩/૧૪અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૧/૦૩/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :**– આઈ.ડી.નં.૨૩૫૩, તા.૦૬/૦૨/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૧૦/૦૨/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :**– અરજદાર ધ્વારા "(૧) ઉધના વિસ્તારના ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા)ના ફાઈનલ પ્લોટ નં.૧૫૦ સ્થિત ખાડીપુરાણ તાકાલિક અટકાવી પુરાણ કરનાર તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરવા તથા (૨) આ જ રજુઆતો સંદર્ભમાં સરકારના અન્ય વિભાગોમાં તબદીલ થઈ મળેલ હોય તો તે અંગેની વિગતવાર માહિતી.......(૩) આ ખાડી પુરાણ અટકાવવાની જેની જવાબદારી થતી હોય તે અધિકારીના નામ અને હોદ્દો વિગેરે....... ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :**– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./ ૬૨ , તા.૫/૦૩/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :**– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારને અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ,શ્રી હર્ષદભાઈ ઝીણાભાઈ પટેલને આપવામાં આવેલ સદર ખાડીનાં બાંધકામની મંજુરી રદ કરતા પત્રની નકલ આપવામાં આવેલ હતી. પરંતુ અરજદાર ધ્વારા માહિતી ઈરાદા પુર્વક છુપાવી તથા માંગ્યા મુજબની માહિતી પુરી પાડેલ ન હોવાથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :**– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૨૩/૦૪/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, અરજદારને જોઈતી અને અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ બધી જ માહિતી પુરી પાડવામાં આવેલ છે. તથા અરજદારને ખાડી પુરાણ બંધ કરવા સારૂ અત્રેના વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પત્રની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તથા સંબંધિત ખાતા / ઝોનને જરૂરી આગળની કાર્યવાહી કરતા પત્રની નકલ પણ મોકલવામાં આવેલ છે. જે મુજબ આગળની જરૂરી કાર્યવાહી જે તે ઝોન / કચેરીએ કરવાની થાય તથા ખાડી પુરાણ અટકાવવાની જે અધિકારીની જવાબદારી થતી હોય તેની માહિતી અત્રેના ખાતાને સંલગ્ન ન હોવાથી સદર માહિતી ઉધના ઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેથી અત્રેથી કોઈ માહિતી છુપાવવામાં કે અધુરી આપવામાં આવેલ નથી.

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૬/૦૪/૧૪ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા. જેમાં અરજદાર પોતાનો પક્ષ રજુ કરવા ગેરહાજર રહેલ હતા તથા ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ઉપસ્થિત રહી રૂબરૂ ચર્ચા કરી પોતાનો પક્ષ રજુ કરેલ હતો.

**૬. રીમાકર્સ :**– —————

## **–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬/૦૨/૧૪ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / હુકમ /આ./
તા............................

(બી.કે.ગઢિયા)
એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર
સુરત મહાનગરપાલિકા.

## –: હુકમ નં.૨ :–

**અરજદાર શ્રી હેમંત એન.દેસાઈ, આઈ.ડી.નં.૨૩૦૪,તા.૩૧/૦૧/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.** નં.SMC/FAP/BRIDGE CELL/01/2014-15, **અપીલની તારીખ :–** તા.૦૩/૦૫/૧૪

**અપીલની તારીખ :–**તા.૦૩/૦૫/૧૪અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૯/૦૫/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૨૩૦૪, તા.૩૧/૦૧/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૧૩/૦૨/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા " રીંગરોડ પર આવેલ બ્રીજ (પુલ)જે રંગરોગાન કરવા તેમજ ચોમાસાના પાણીના યોગ્ય નિકાલ માટે નવી પાઈપો નાંખવા બાબતે સુચન કરેલ."

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીત ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./ ૬૩ , તા.૭/૦૩/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે માહિતી આપવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં રીંગરોડ પર આવેલ ફલાય ઓવર બ્રીજ પર દિવાળીમાં ફકત પુલનો ઉપરનો ભાગ જ રંગવામાં આવેલ તેમજ નીચેનો ભાગ તેમજ પીલરો રંગવામાં આવ્યા નથી તથા પુલ પરથી વરસાદી પાણીની લાઈનો તુટી ગયેલ છે તે આજદિન સુધી રીપેર થયેલ નથી. જે બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં માહિતી ખોટી પુરી પાડેલ છે. જેથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી આર.ટી.આઈ.નાં નિયમાનુસાર માહિતી માંગતી અરજીનાં જવાબ મળ્યાનાં ૩૦ દિવસમાં કરવાની હોય છે. પરંતુ અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી સમયમર્યાદા બાદ એટલે કે, તા.૩/૫/૧૪ ના રોજ કરેલ હતી. જેથી અપીલ અધિકારી ધ્વારા અરજદારને તા.૨૧/૫/૧૪, બુધવારનાં રોજ સાંજે ૪:૦૦ કલાકે સમયમર્યાદા બાદ પ્રથમ અપીલ અરજી અને અપીલ અરજી અંગે પોતાનો પક્ષ રજુ કરવા રૂબરૂ હાજર રહેવા બોલાવવામાં આવેલ હતા. પરંતુ અરજદાર કોઈપણ લેખિત / મૌખિક જાણ કર્યા વિના ગેરહાજર રહેલ હતા તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીતે પોતાના પક્ષ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૬૩ તા.૭/૩/૧૪ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે આ ઉપરાંત અરજદારે જે સુચન કરેલ છે. તે ધ્યાને લીધેલ છે અને સક્ષમ સત્તાધીશની મંજુરી મેળવીને જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે.

**૬. રીમાર્કસ :–** –––––

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧/૦૧/૧૪ ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. તથા અરજદાર ધ્વારા ફકત રીંગરોડ ઓવર બ્રીજ અંગે રંગરોગાન તથા વરસાદી પાણીનાં નિકાલ બાબતે સુચન કરવામાં આવેલ છે. જે સક્ષમ સત્તાની મંજુરી મેળવી કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

Email :-exen@suratmunicipal.gov.in

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ /

હુકમ /આ./

તા..............................

(બી.કે.ગઢિયા)

એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા.